રજી. તારીખઃ– ૨૨–૦૪–૨૦૨૨
દાખલ.તારીખઃ–૨૨–૦૪–૨૦૨૨
ફેંસલ તારીખઃ– ૨૭–૦૪–૨૦૨૨
સમયગાળોઃ– ૧.૦૦ મા.૦૦ દિ.૦૫

**ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ (એસ.એમ.રાજપુરોહીત) સાહેબની કોર્ટમા,મુ.ધ્રાંગધ્રા**

*ફો.પ.અ.નં.૧૧૬/૨૦૨૨*
આંક :–૦૬

પ્રહલાદભાઈ લાભુભાઈ જગમાલીયા,
ઉ.વ.૨૮, ધંધો–: મજુરી,
રહે.કંકાવટી,તા.ધ્રાંગધ્રા,
જી. સુરેન્દ્રનગર. ,...................................અરજદાર

**વિરુધ્ધ**

શ્રી સરકાર...............................................સામાવાળા

**બાબતઃ–ક્રિ.પ્રો.ક.કલમ ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી.**

અરજદાર તરફે વિ.વ.શ્રી યુ.આઈ.મકવાણા.
શ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રી વી.એચ.ભટ્ટ.

---

**ઠ રા વ**

**(૧)** જામીન અરજી વંચાણે લીધી. તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામા આવેલ સોગંદનામુ વંચાણે લીધુ. પોલીસ પેપર્સ વંચાણે લીધા. અરજદારો–આરોપીઓ તરફે વિ.વ. શ્રી ને સાંભળ્યા. સરકાર તરફે વિ.એપીપીશ્રીને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપી તરફે ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે.પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૧ ૫/૨૦૨૨ પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની અરજી કરેલ છે.અરજદાર તરફે જામીન પર મુકત થવા માટેના જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમા લેખીત સ્વરુપે ઉપલબ્ધ હોય તથા આ હુકમ તે અરજી સંલગ્નનો

જ હુકમ હોય તે તમામ કારણોનુ અત્રે પુનરાવર્તન કરેલ નથી પરંતુ તમામ કારણો વંચાણે અને ઘ્યાને લીધેલ છે.

**(૩)** અરજદાર–આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમા જોતા તા.૦૫–૦૪–૨૦૨૨ ના કલાક ૦૨–૩૦ કલાકે ગોપાલગઢ રોડ ઉપર આવેલ વાડીમા તેના શેઢે ઉગેલ ઘાસમા આરોપી ગે.કા. પરપ્રાંતિય વિદેશી દારુની બોટલ નંગ–૨૪, કીમત રુા. ૧૨૦૦૦/–ની રાખી રેઈડ દરમ્યાન મળી આવેલ હોવાનો આક્ષેપ છે.

**(૪)** જયાં સુધી હાલની અરજીના અનુસંધાને બન્ને પક્ષની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી સૌપ્રથમ અરજદારના વિ.વ.શ્રીની દલીલ સાંભળતા તેઓએ તેમની દલીલમા ભારપુર્વક રજુઆત કરેલ છે કે,અરજદાર/આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. પ્રોહીબીશન ગુન્હા રજી.નં. ૧૧ ૫/૨૦૨૨, પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬–બી મુજબના ગુનાની ફરીયાદ નોધાતા અટક કરવામા આવેલ અને નામદાર કોર્ટમા રજુ કરતા જામીન મુકત થવા અરજી કરતા સદરહુ અરજી નામદાર નીચેની અદાલતે ના–મંજુર કરેલ છે. વધુમા અરજદાર આરોપીના વિઘ્વાન વકીલશ્રીની રજુઆત છે કે, અરજદાર આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી હાલ અરજદાર–આરોપી પરણિત છે અરજદાર આરોપી ઉપર તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે જો તેઓને જામીન મુકત કરવામા ન આવે તો તેઓના કુટુંબને ભુખે મરવાનો સમય આવે તેમ છે. અરજદાર આરોપી ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામના સ્થાયી વતની છે તેમજ જો અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો તપાસના કામે પુરતો સાથ સહકાર આપવાની ખાત્રી આપે છે તેમજ ના. કોર્ટ જે જે શરતો ફરમાવશે તેનુ ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે તેમજ જેટલી રકમના અને જેવા જામીન આપવા હુકમ ફરમાવે તેવા અને તેટલી રકમના જામીન આપવા તૈયાર અને ખુશી છે જેથી આરોપીને શરતોને આધિન યોગ્ય રકમના રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

**(૫)** જયાં સુધી સરકાર તરફેની દલીલનો પ્રશ્ન છે ત્યાં સુધી ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ હાલની જામીન અરજીનો દલીલ કરી સખત વિરોધ કરી ભારપુર્વક રજુઆત કરેલ છે કે,આ કામના અરજદાર/આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુન્હા રજી. નં. ૧૧૫/૨૦૨૨ થી પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ), ૧૧૬–બી મુજબના ગુનાની ફરીયાદ નોધાતા આરોપી ને અટક કરેલા છે અને આરોપીને રજુ કરતા આરોપીએ નીચેની અદાલતમાં જામીન અરજી કરેલી જે નામંજુર થયેલી છે. કામના આરોપીએ પોતાના કબજા ભોગવટામા કંકાવટી ગામથી દુર બે કી.મી.ગોપાલગઢ રોડ ઉપર આવેલ વાડીમા તેના શેઢે ઉગેલ

ઘાસમા ગે.કા. રીતે ૫૨ પ્રાંતિય વિદેશી દારુની બોટલ નંગ–૨૪, કીમત રુા. ૧૨૦૦૦/–ની રાખી મુદ્દામાલ સાથે મળી આવેલ છે. અરજદાર આરોપી આવા ગુના કરવાની ટેવવાળો હોય જેથી મજકુર આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી આવા પ્રકારનો ગુનો કરશે અને સમાજમા તેની અવળી આડ અસર પડશે જેથી અરજદાર–આરોપીની હાલની જામીન અરજી ના–મંજુર કરવા ભારપૂર્વક દલીલ કરેલ છે.

તપાસ કરનાર અમલદારે તેઓના સોગંદનામામાં જણાવેલ છે કે, કામના આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૧૫/૨૦૨૨ થી પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬–બી મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાયેલ છે. આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગોપાલગઢ રોડ ઉપર આવેલ વાડીમા તેના શેઢે ઉગેલ ઘાસમા ગે.કા.રીતે ૫૨ પ્રાંતિય ઈગ્લિશ દારુની બોટલ નંગ–૨૪, કીમત રુા. ૧૨૦૦૦/–નો રાખી રેઈડ દરમ્યાન મળી આવેલા.અરજદાર આરોપી આવા ગુના કરવાની ટેવવાળો હોય જેથી મજકુર આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી આવા પ્રકારનો ગુનો કરશે અને સમાજમા તેની અવળી આડ અસર પડશે જેથી અરજદાર–આરોપીની હાલની જામીન અરજી ના–મંજુર કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

**(૬)** બન્ને પક્ષો તરફેની મૌખીક રજુઆતો બાદ કાયદાકીય સ્થિતી અંગે પણ જોતા કોઈ પણ બિન જામીનપાત્ર ગુનાના કામમા આરોપીને જામીન ઉપર મુકત કરવો કે કેમ ? તે બાબત ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૯ ની જોગવાઈ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે પરંતુ આવી વિવેકબુધ્ધિની સત્તા મનસ્વી રીતે ન વાપરતા કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતો અને મર્યાદાઓમા રહીને વાપરવી પણ આવશ્યક છે.

**(૭)** જામીન અરજીના નિર્ણય સંદર્ભેની મહત્વની બાબતો જોતા અદાલતે પોતાને પ્રાપ્ત થયેલ વિવેકબુધ્ધિની સત્તા વાપરવા માટે નામ.સુપ્રિમકોર્ટ અને નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા ઘણા બધા માર્ગદર્શક ચુકાદાથી કેટલાક મહત્વના સિંધ્ધાતો પ્રસ્થાપિત કરેલ છે તે પૈકી નામ.સુપ્રિમકોર્ટના સંજય ચંદા વિરુધ્ધ સી.બી.આઈ.૨૦૧૨(૧),જી.એલ.એચ.,૯૩ પરના ચુકાદાને તથા તેના હાર્દને તથા તેમા ટાંકેલ અન્ય ચુકાદાઓના હાર્દને અને તેમાના અવલોકનોને ઘ્યાને લેતા નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

– જામીન પાછળનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીને સીકયોર કરવાનો છે.

– જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે.તે જોતા જો અપવાદરુપ સંજોગો

જણાતા ન હોય તો સામાન્ય રીતે આરોપીને જામીન મુકત કરવો જોઈએ.

– આરોપીઓને બંધારણે આપેલ પર્સનલ લીબર્ટીના અધિકારની બાબતને પણ જામીન અરજીના નિર્ણય સમયે ધ્યાને રાખી કાયદાની પ્રક્રિયા સિવાય કે કાયદા મુજબ જેલમા રાખવો આવશ્યક જણાય તે સિવાય તેમજ આરોપીઓને જામીન ઉપર મુકત કરવાથી સમાજનુ હિત જોખમાય છે કે કેમ ? તથા ફરીયાદી,સાહેદો કે તેમના પુરાવાને કોઈ અસર થાય છે કે કેમ ? તે તમામ બાબતોને ધ્યાને લઈ આરોપીના પર્સનલ લીબર્ટીના અધિકાર અને સોસાયટીના હિત બન્ને વચ્ચે

બેલેન્સ જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

– સામાન્ય રીતે જયારે આરોપીઓને ગુનેગાર ઠરાવવામા ન આવે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનુ અનુમાન થતુ હોઈ તથા આરોપી ગુનેગાર ઠરાવ્યા બાદ જ સજા થાય તે ઈચ્છનીય હોઈ ગુનેગાર ઠરાવ્યા પહેલા જ સજા થઈ જાય તે વાજબી ન હોવાની બાબતને પણ ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે.

– જામીન અરજીના નિર્ણય સમયે આરોપીઓની ટ્રાયલ સમયે હાજરીની શકયતા, સાક્ષી ઓને તથા તેના પુરાવાને થનાર અસર, તપાસ ઉપર અને સમગ્ર ટ્રાયલ ઉપર થનાર અસર સહીત ના વિવિધ પાસા ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

(૮) ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લઈ હાલના કામે ખરેખર અરજદાર–આરોપીને હાલના તબકકે કસ્ટડીમા રાખવા માટેના કોઈ અપવાદરુપ કારણો છે કે કેમ કે તેને જામીન ઉપર મુકત કરી શકાય તેમ છે કે કેમ ?તે બાબતનો નિર્ણય કરવા આ કામના આરોપી સામેના આક્ષેપો તથા પોલીસ પેપર્સ વિગેરે જોતા નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

**–કેસ પેપર વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૧૫/૨૦૨૨, પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬–બી મુજબના ગુનાની ફરીયાદ નોધાતા આરોપી ને અટક કરેલા છે આરોપીએ નીચેની અદાલતમાં જામીન અરજી કરેલી જે નામંજુર થયેલી છે. આ કામના આરોપી સામે ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૧૫/૨૦૨૨ થી પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬–બી મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાયેલ છે. આરોપીએ પોતાના કબજા ભોગવટામા ગોપાલગઢ રોડ ઉપર આવેલ વાડીમા તેના શેઢે ઉગેલ ઘાસમા ગે.કા.રીતે ૫૨ પ્રાંતિય ઈંગ્લિશ દારુની બોટલ**

<u>નંગ–૨૪, કીંમત રૂા. ૧૨૦૦૦/–નો રાખી રેઈડ દરમ્યાન મળી આવેલા. આમ હાલના અરજદાર આરોપીએ ગંભીર પ્રકારનો ગુના આચરેલ છે. અને ત્યારબાદ અરજદાર આરોપીને અટક કરવામા આવેલ છે.અને મુદ્દામાલ પંચનામાની વિગતે રીકવર કરવામા આવેલ છે. જેથી હાલના અરજદાર આરોપી પાસેથી કોઈ મુદ્દામાલની રીકવરી કે ડીસ્કવરી કરવાની બાકી રહેતી ન હોય જેથી હાલના અરજદાર આરોપીની તપાસના કામે જરુર હોય તેવુ ફલિત થતુ નથી. તેમજ તપાસના કામે હાલના અરજદાર આરોપીની જરુર હોય તેવુ તપાસ કરનાર અધિકારીનો કોઈ અભિપ્રાય નથી તેમજ અરજદાર આરોપી સામેના ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા વિધ્વાન જયુડી.મેજી.ફ.ક.શ્રીને રહેલી છે. વધુમા આરોપી સામેના ગુન્હાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે જેથી હાલના આરોપી સામે પ્રથમદર્શનીય ગુનો હોવાનુ સ્પષ્ટ બનતુ હોવાનુ માનવામા આવે તો પણ માત્ર પ્રથમદર્શનીય કેસની બાબત અરજી ના–મંજુર કરવા પુરતી નથી. વધુમાં આરોપી યોગ્ય શરતોનુ પાલન કરવા તથા જામીન આપવા તૈયાર અને ખુશી છે.અરજદાર/આરોપીને એક માત્ર જયુ.કસ્ટડીમા જ રાખવા અનિવાર્ય હોય તેવી બાબત રેકર્ડ ઉપરથી જણાતી ન હોઈ તે ધ્યાને લેતા હાલના અરજદાર આરોપીની જામીન અરજી નામંજુર કરવા કરતા જયારે અરજદાર આરોપીની સદર જામીન અરજી કેટલીક શરતો સાથે મંજુર કરવાથી તપાસ કરનાર અમલદારે વ્યકત કરેલ ભય નિવારી શકાય તેમ છે અને ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ માની નીચે મુજબનો હુકમ કરુ છુ.</u>

## <u>હુ ક મ</u>

૧. અરજદાર–આરોપીની હાલની આ અરજી મંજુર કરવામા આવે છે.

૨. આ કામના અરજદાર આરોપી પ્રહલાદભાઈ લાભુભાઈ જગમાલીયા, રહે.કંકાવટી, તા.ધ્રાંગધ્રા,જી.સુરેન્દ્રનગરવાળાની ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે.પ્રોહીબીશન ગુ.ર.નં. ૧૧૫/૨૦૨૨, પ્રોહીબીશન ધારાની કલમ ૬૫(એ)(એ),૧૧૬–બી મુજબના ગુનાના કામે અરજદાર આરોપી રૂા.૩૦,૦૦૦/– તથા રૂા.૩૦,૦૦૦/–ના (અંકે રુપિયા સાઈઠ હજાર) ના રેડી સોલવન્સી જામીન તથા તેટલી જ રકમના બોન્ડ નીચેની અદાલતમાં આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા હુકમ કરુ છુ.

**<u>શરતો:–</u>**

(૧) અરજદાર–આરોપીએ હાલના પ્રકારના કે અન્ય કોઈ પણ પ્રકારના ગુનાહિત કૃત્ય મા સંડોવાવુ નહી.

(૨) અરજદાર–આરોપીએ તપાસ કરનાર અધિકારીને તપાસમા સંપુર્ણ સાથ સહકાર આપવો.

(૩) અરજદાર આરોપીએ ફરીયાદી–સાહેદોને ધાક ધમકી આપવી નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૪) આ કામના અરજદાર–આરોપીએ ટ્રાયલ પુર્ણ થતા સુધી દર મહીનાની પહેલી તારીખે તથા ૧૫ મી તારીખે સવારના ૯–૦૦થી બપોરના ૧–૦૦ વાગ્યા સુધી તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજરી પુરાવવી.તેમજ અરજદારે આ અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજય ની હદ છોડીવી નહી.તેમજ આરોપીએ હાલનુ રહેણાંકનુ સરનામુ સરકારી આધાર પુરાવા સાથે તેમજ હાલમા અરજદાર જે પોલીસ સ્ટેશનની હદમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનના રીપોર્ટ સાથે નીચેની અદાલતમાં રજુ કરવુ.

(૫) આરોપીએ આ અદાલતની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી તથા અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે અત્રેની અદાલતમા જામીન મુકત થયા બાદ દિન–૨માં જમા કરાવવો તથા પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદનામુ જામીન મુકત થયા બાદ દિન–૨માં રજુ કરવુ.

(૬) અરજદારે ટ્રાયલ દરમ્યાન નિયમીત રીતે હાજર રહેવુ.

**૩.** અરજદાર/આરોપીએ જામીનની કાર્યવાહી ટ્રાયલ અદાલતમા કરવી.

**૪.** ઉપરોકત હુકમની નકલ સબંધિત પોલીસ સ્ટેશન તથા ટ્રાયલ અદાલત તરફ તાત્કાલીક મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદાર આરોપીના જામીન રદ થયેલા ગણાશે અને નામ.ટ્રાયલ કોર્ટ આરોપી સામે પકડવોરંટ ઈસ્યુ કરી શકશે.

આજરોજ તા.૨૭મી, માહે એપ્રિલ,સને.૨૦૨૨ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(સવાઈસિંહ એમ.રાજપુરોહિત)**
**જીજે૦૦૫૪૪**
**ત્રીજા એડિશનલ સેશન્સ જજ**
**ધ્રાંગધ્રા**